# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૨૧/૦૮/૨૦૧૭ થી તા.૨૭/૦૮/૨૦૧૭

## પ્રેસનોટ –

**"અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં અઢિ કિલો ગાંજા સાથે પિતા - પુત્રની ધરપકડ કરતી એસ.ઓ.જી. શાખા અમદાવાદ ગ્રામ્ય"**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાં ગેરકાયદેસર નશીલા માદક પદાર્થોનુ વેચાણ તથા હેરાફેરી કરતાં ઇસમો પર સતત વોચ રાખી સફળ રેઇડ કરી આ બદીને સદંતર નેસ્ત નાબુદ કરવા તથા યુવાધનને નશીલા પદાર્થના વ્યસનથી બરબાદ થતુ અટકાવવા સારૂ જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી આર.વી.અસારી સાહેબનાઓએ એસ.ઓ.જી. શાખાના પો.સ.ઇ. વી.એમ.કોલાદરા નાઓને આ બાબતે કાર્યવાહિ કરવા જરૂરી સુચના તથા માર્ગદર્શન આપેલ જેના આધારે પો.સ.ઇ. વી.એમ.કોલાદરા નાઓને ગઇ કાલ તા.૨૩/૦૮/૨૦૧૭ ના રોજ નશીલા પદાર્થ ગાંજો લઇ હોન્ડા ડ્રીમ યુગા મો.સા. નંબર જી.જે.૦૧ એસ.જી. ૯૮૨૮ ઉપર બે ઇસમો ચલોડા તરફથી બગોદરા તરફ જનાર છે તેવી હકીકત મળેલી જેના આધારે એલ.સી.બી. પો.ઇન્સ. જે.એમ.ચુડાસમા સાહેબ નાઓને હકીકતથી જાણ કરી તેઓને હકીકત વાળી જગ્યાએ બોલાવી બદરખા ચલોડા રોડ ઉપર વોચમાં રહેલા દરમ્યાન બદરખા રોડ ચલોડા તરફથી એક મો.સા. ડબલ સવારીમાં આવતુ હોય જેને ઉભુ રાખી તપાસ કરતાં જે બાતમી વર્ણન વાળુ હોન્ડા ડ્રીમ યુગા મો.સા. નંબર જી.જે.૦૧ એસ.જી. ૯૮૨૮ નુ હોય જે બંને ઇસમોના નામ ઠામ પુછતાં (૧) મનુજી ઉર્ફે ગોલકો જગાજી ઠાકોર ઉ.વ.૩૨ રહે. ચલોડા ગામ કાવીઠીયાનો વાસ તા.ધોળકા જી.અમદાવાદ તથા (૨) જગાજી મોતીજી ઠાકોર ઉ.વ.૬૦ રહે. ચલોડા ગામ કાવીઠીયાનો વાસ તા.ધોળકાના હોવાનુ જણાવેલ અને સદરી ઇસમોની જડતી તપાસ કરતાં જગાજી મોતીજી ઠાકોરના ખોળામાં એક લાલ કલરની કપડા જેવી થેલીમાં ૨૫૧૦ ગ્રામ માદક પદાર્થ ગાંજો મળી આવેલ જેની કિ.રૂ.૨૫૦૦૦/- ની આશરે ગણી તથા આરોપીની અંગજડતીમાંથી મોબાઇલ ફોન નંગ – ૧ કિ.રૂ.૩૦૦૦/- તથા હોન્ડા ડ્રીમ યુગા મો.સા. નંબર જી.જે.૦૧ એસ.જી. ૯૮૨૮ ની કિ.રૂ.૨૦,૦૦૦/- ની ગણવામાં આવેલ અને આ બંને ઇસમો નશીલા માદક પદાર્થની હેરાફેરી કરતાં હોય બંને ઇસમોની કાયદેસર ધરપકડ કરવામાં આવેલ અને તેઓની વિરૂધ્ધમાં ધોળકા રૂરલ પો.સ્ટે. સે.ગુ.ર.નં.૭૪/૧૭ એન.ડી.પી.એસ. એક્ટ ૧૯૮૫ ની કલમ ૮(સી), ૨૦બી, ૨૨, ૨૯ મુજબનો ગુન્હો રજીસ્ટર કરાવેલ છે. અને આ કામની આગળની તપાસ ધોળકા રૂરલ પો.સ.ઇ. શ્રી નાઓ કરી રહેલ છે.

પકડાયેલ મુદામાલ :-

(૧) ૨૫૧૦ ગ્રામ ગાંજો :- કિ.રૂ.૨૫૦૦૦/- (૨) હોન્ડા ડ્રીમ યુગા બાઇક :- કિ.રૂ.૨૦,૦૦૦/-
(૩) મોબાઇલ ફોન નંગ – ૨ :- કિ.રૂ.૩૦૦૦/-

**પકડાયેલ આરોપીઓ**

(૧) મનુજી ઉર્ફે ગોલકો જગાજી ઠાકોર ઉ.વ.૩૨ રહે. ચલોડા ગામ કાવીઠીયાનો વાસ તા.ધોળકા જી.અમદાવાદ (૨) જગાજી મોતીજી ઠાકોર ઉ.વ.૬૦ રહે. ચલોડા ગામ કાવીઠીયાનો વાસ તા.ધોળકા જી.અમદાવાદ

# પ્રેસનોટ –

**ઓટો રીક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી પેસેન્જરનો કિંમતિ માલ/સમાનની લૂટ કરી તરખાટ મચાવનાર " લાલુ ગેગ" ના મુખ્ય સૂત્રધાર સહિત ત્રણ સાગરીતોને લૂંટના અસલ મુદ્દામાલ સાથે ઝડપિ લૂંટના પાંચ ગુન્હોનો ભેદ ઉકેલતી એલ.સી.બી, અમદાવાદ ગ્રામ્ય**

ગઇ તા. ૨૨/૦૮/૨૦૧૭ ના રોજ રાત્રીના સાડા અગીયારેક વાગે ચાંગોદર સી /૮/૩૦૫, રૂદ્ર આરંભ ખાતે રહેતા મૂળ ચોબારા ગામ તા. ખરગાપુર જી. ટીકમગઢ (મધ્યપ્રદેશ)ના અને ચાચરાવાડી વાસણા ખાતે પ્રાઇવેટ કંપનીમાં નોકરી કરતા ફરીયાદિ શ્રી રૂપેશ પરમાનંદ શાહુ નાઓ પોતાની નોકરી જવા સારૂ ચાંગોદર પાટીયા સર્વિસ રોડ ઉપરથી સરખેજ તરફથી આવતિ એક ઓટો રીક્ષામાં પેસેન્જર તરીકે બસી ચાચરાવાડિ જતા હતા દરમ્યાન રસ્તામાં એકાંત જગ્યાએ રીક્ષા ચાલકે પોતાની રીક્ષા બંધ થઇ ગયેલાના બાહના હેઠળ ઉભી રાખી તથા રીક્ષામાં અગાઉથી પેસેન્જરના વેશમાં બેઠેલ તેના સાગરીત તથા રીક્ષા ચાલકે ફરીયાદિશ્રીને માર મારી રૂ. ૬૦૦/- તથા ઓપો કંપનીનો મો.ફોન મળી કુલ રૂ. રૂ. ૮૬૦૦/-ની લૂંટ કરી નાસી ગયેલ સબંધે ચોગોદર પો.સ્ટે ખાતે ગુન્હો નોધાયેલ જે ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના પોલીસ વડાશ્રી આર.વી.અસારી સાહેબશ્રી નાઓએ એલ.સી.બી અને સ્થાનિક પોલીસની અલગ અલગ ટીમો બનાવી ગુન્હો શોધવા ચક્રો ગતિમાન કરેલ તેના ભાગરૂપે પો.ઇ.શ્રી જે.એમ.ચુડાસમા તથા પો.સ.ઇ શ્રી આઇ.એમ. ઝાલા અને શ્રી એસ.એન.રામાણી અને એલ.સી.બી, ટીમે ગુન્હા વાળી જગ્યાની વિજીટ કરી ગુન્હાની પધ્ધતી અને ફરીયાદીશ્રીએ આપેલ વર્ણન આધારે સ્થાનિક ઇસમોની સંડોવણીના અનુમાન સાથે હાઇવે રોડ ઉપરના સી.સી.ટી.વી ફુટેજ તેમજ આ પ્રકારે ગુન્હા આચરતી ગેંગ સબંધે માહિતી એકત્રિત કરી ગુન્હો શોધવા પ્રયાશ હાથ ધરેલ તેના ફળ સ્વરૂપે ચોક્કસ બાતમી આધારે એલ.સી.બી અને શ્રી જે.વી.રાઠોડ ઇ.પોલીસ ઇન્સ્પેકટર ચાગોદર પોલીસ સ્ટેશન સ્થાનિક પોલીસની ટીમે સંયુકત ઓપરેશન હાથ ધરી સનાથલ સર્કલ ખાતે વોચ ગોઠવી ભારે જહેમતથી ગુન્હાના માસ્ટર માઇન્ડ મુખ્ય સૂરધાર સહિત ત્રણ ઇસમોને ઓરીજનલ મુદ્દામાલ સાથે ઝડપિ પાડેલ

**ઓટો પેસેન્જર રીક્ષાના પવિત્ર વ્યવસાયને કલકિંત કરી લૂંટ ના ગુન્હા આચરતી લાલુ ગેગના મુખ્ય સૂત્રધાર સહિત બે લબર મૂછીયા રૂ.૬૬૦૦૦/- ના ઓરીઝનલ મુદ્દમાલ સાથે ઝડપાયા**

(૧) લાલજીભાઇ ભગવાનભાઇ ઠાકોર (ચુવાળીયા કોળી) ૨૦ રહે. ગણેશનગર,પીપળજ પીરાણા રોડ, મૂળગામ ભડીયાદ તા.ધંધુકા

(૨) અઝરૂદિન મંહમંદ ઇકબાલ શેખ ઉ.વ. ૨૦ રહે.પથ્થરીયા ઢાળ, નહેરૂ નગર, મકરબા રોડ, સરખેજ

(૩) કિરણભાઇ મફાભાઇ દેવીપૂજક ઉ.વ. ૧૮ રહે. નારીચોકડી, ભાવનગર મૂળગામ ભડિયાદ તા.ધંધુકા

ઉક્ત આરોપીઓ પાસેથી ગુન્હામાં ઉપયોગ કરેલ ઓટો રીક્ષા તથા લૂંટમાં મેળવેલ ઓપો મોબાઇલ ફોન-૨, કિ.રૂ. ૧૬,000/- ના મળી કુલ રૂ.૬૬,000/- નો મુદ્દામાલ કબ્જે કરી અટકાયત કરી આગવી ઢબે પૂછપરછ હાથ ધરતા છેલ્લા એક માસ દરમ્યાન પાંચ થી વધુ ગુન્હા આચરેલાની કેફીયત આપેલ

## આરોપીઓએ છેલ્લા એક માસ દરમ્યાન- ૦૫ થી વધુ ગુન્હાને અંજામ આપેલ

ઉપરોકત આરોપીઓની ઘનિષ્ઠ પૂછપરછમાં છેલ્લા એક માસ દરમ્યાન સરખેજ-બાવળા હાઇવે રોડ ઉપર આજ પ્રકારની એમ.ઓ.થી પાંચ ગુન્હા આચરેલાની કબૂલાત કરેલ તે પૈકિ એક ગુન્હો ચાગોદર ખાતે નોધાયેલાની હકિકત હાલ સુધિ પ્રાપ્ત થયેલ છે.

## ગુન્હો આચરવાની પધ્ધતિ

આરોપીઓ ઓટો રીક્ષામાં પેસેન્જરના સ્વાગમાં સાગરીતો સાથે નિકળતા અને પેસેન્જર સ્પોર્ટ ઉપથી શીકાર પેસેન્જરને બેસાડી રસ્તામાં રીક્ષામાં યાંત્રિક ખામી સર્જાયેલના બાહના હેઠળ એકાંત જગ્યાએ રીક્ષા ઉભી રાખી માર મારી ધાક ધમકી આપી મો.ફોન પૈસા વિગેરે લૂંટી ગુન્હાને અંજામ આપતા અને મુખ્યત્વે હિન્દિ ભાષિ પેસેન્જરને ટાર્ગેટ બનાવતા હતા

## આરોપીનો ગુન્હાહિત ઇતિહાસ

ગુન્હાનો મૂખ્ય સૂત્રધાર આરોપી લાલજીભાઇ ભગવાનભા૦ઇ ઠાકોર અગાઉ સને૨૦૧૪/૧૫ માં ચાગોદર પો.સ્ટેના આજ એમ.ઓ ના બે ગુન્હામાં પકડાયેલ છે. અને આશરે ત્રણેક માસ જેલમાં રહેલો જેલમાંથી છૂટ્યા બાદ અન્ય સાગરીતોગને ગેગમાં સામેલ કરી ગુન્હા આચરતો જેથી આ ગેગ “લાલુ ગેગ ” નામથી કુખ્યાત છે.



# <u>પ્રેસનોટ –</u>

**ધાડ પાડવાની તૈયારી કરતી લબરમુછીયા ગેંગને મારક હથિયારો સાથે સ્થળ ઉપર ઝડપી પાડતી અમદાવાદ ગ્રામ્ય એલ.સી.બી.**

છેલ્લા કેટલાક સમયથી અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાં તથા આજુ બાજુના વિસ્તારમાં થતા મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ થતા અટકાવવાના ભાગરૂપે જીલ્લા પોલીસ વડા શ્રીઆર.વી.અસારી સા. શ્રી નાઓએ આપેલ સુચના અને માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ.શ્રી જે.એમ.ચુડાસમા, પો.સ.ઇ.શ્રી એસ.એન. રામાણી, પો.સ.ઇ. શ્રી આઇ. એમ.ઝાલા, તથા એલ.સી.બી. સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી જીલ્લા વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા દરમ્યાન માહિતી મળેલ કે, છ-એક જેટલા માણસો સાણંદ જી.આઇ.ડી.સી. થી બોળગામ જવાના રોડ ઉપર પથ્થરોની આડસ મુકી હાથમાં મારક હથિયારો રાખી લુંટ કરવાની તૈયારીમાં છે. જે હકિકત આધારે એલ.સી.બી.સ્ટાફ દ્રારા સમય સુચકતા વાપરી આ ગેંગને લુંટ કરતા પહેલા જ ઘટના સ્થળે ઝડપી પાડી ગંભીર પ્રકારનો ગુનો થતો અટકાવેલ છે

## ગેંગના મુખ્ય સૂત્રધાર સહિત ૬ ઝડપાયા

(૧) સીકંદર સુલતાનભાઇ કુરેશી ઉ.વ. ૨૨ રહે. ૫-હબીબ પાર્ક, નવરંગ સોસાયટી, નુર મસ્જીદની બાજુમાં, ફતેવાડિ, અમદાવાદ (૨)મહંમદ શરીફ ઉર્ફે બાબો સ/ઓ અસ્પાક ભાઇ શેખ ઉ.વ. ૨૩ રહે. સી/૬૮, અપના નગર, સંકલીત નગર, જુહાપુરા, અમદાવાદ (૩) સમીર સમીર ઉર્ફે કાણીયો ઇબ્રાહિમભાઇ પઠાણ ઉ.વ. ૨૦ રહે. ૩,અબીબ પાર્ક, નૂરમસ્જીદ ની સામે, ફતેવાડિ અમદાવાદ.(૪) સાબીર સબીર કલામ હુસેન શેખ ઉ.વ. ૨૦ રહે. ૪૮,લાલબી જી.કે. રો. હાઉસ, ફારૂકે આઝમ સ્કૂલ પાસે, ફતેવાડિ,અમદાવાદ . અમદાવાદ

(૫) સાજીદઅલી ઉર્ફે બોખો લીકેજ સ/ઓફ વાજીદ અલી સૈયદ ઉ.વ. ૧૯ રહે. ૫૦૩ અનમોલ રેસીડન્સી આર.સી.સી. રોડ કેનાલની પાછળ અકસા મસ્જીદની બાજુમાં ફતેવાડી અમદાવાદ (૬)ઉસ્માન ઉર્ફે કાલીયા હનીફભાઇ જાતે સૈયદ ઉ.વ. ૧૯ રહે. બી-૩૬ અતીકા પાર્ક સોસાયટી હાકુજી કસ્જીદ ની બાજુમાં ફતેવાડી, અમદાવાદ .

ઉપરોક્ત આરોપીઓ પાસેથી પાંચ મોબાઇલ ફોન તથા એક બેઝબોલનો ધોકો તથા એક ધોકો તથા એક લોખંડની પાઇપ તથા ત્રણ છરીઓ તથા એક ટોર્ચ તથા બે સીએનજી રીક્ષા કબ્જે કરવામા આવેલ છે.

<u>**આરોપીઓની પ્રાથમિક પુછપરછ દરમ્યાન આરોપીઓએ ઉજાલા , ચાંગોદર, તેમજ સાણંદ વિસ્તારમાં છેલ્લા ત્રણ માસ દરમ્યાન પાંચ જેટલી લુંટ કરેલાની કબુલાત કરેલ છે. અને હજુ પણ બીજા વધુ ગુન્હાનો ભેદ ઉકેલાય તેવી શકયતા છે.**</u>

## આરોપીઓની મોડેસ ઓપરેન્ડી

આરોપીઓ રીક્ષા લઇ નિકળતા અને રોડ ઉપર ઉભેલ કોઇ એકલ દોકલ પેસેન્જરને ટારગેટ બનાવી રીક્ષામાં બેસાડી અવાવરૂ અથવા એકાંત જગ્યાએ લઇ જઇ છરી બતાવી લુંટ કરતા હતા. આ ઉપરાંત અપ્રોચ રોડ ઉપર કે જયાં વાહનોની અવર જવર ઓછી હોય તેવી જગ્યાએ રાત્રીના સમયે વાહન ચાલકને ઉભો રાખી લુંટી બાવળની ઝાડીઓમાં નાસી જતા.

## આરોપીઓનો ગુન્હાહીત ઇતિહાસ

(૧) મહંમદ શરીફ ઉર્ફે બાબો સ/ઓ અસ્પાક ભાઇ શેખ ઉ.વ. ૨૩ રહે. સી/૬૮, અપના નગર, સંકલીત નગર, જુહાપુરા, અમદાવાદ

(૨) સીકંદર સુલતાનભાઇ કુરેશી ઉ.વ. ૨૨ રહે. ૫-હબીબ પાર્ક, નવરંગ સોસાયટી, નુર મસ્જીદની બાજુમાં, ફતેવાડિ, અમદાવાદ

ઉપરોકત બંને આરોપીઓ અમદાવાદ શહેર વિસ્તારના દાણીલીમડા તથા ગુજરાત યુનિર્વસીટી પો.સ્ટે. ના **કુલ-૦૩ લુંટના ગુન્હાઓમાં** અગાઉ પકડાયેલ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
|  |  |  |  |  |  |
| સીકંદર સુલતાન ભાઇ કુરેશી | મહંમદ શરીફ ઉર્ફે બાબો અસ્પાક ભાઇ શેખ | સમીરઉર્ફે કાણીયો ઇબ્રાહિમભાઇ પઠાણ | સબીર કલામ હુસેન શેખ | સાજીદઅલી ઉર્ફે બોખો લીકેજ વાજીદ અલી સૈયદ | ઉસ્માન ઉર્ફે કાલીયા હનીફ ભાઇ સૈયદ |





આમ અમદાવાદ જીલ્લા એલ.સી.બી.તથા એસ.ઓ.જી ની ટીમ ધ્વારા સદરી વીક દરમ્યાન વણ શોધાયેલ ખુનના ગુનાનો ભેદ ઉકેલી તથા ધાડ લુંટ નો ગુન્હો તથા નારકોર્ટીકસ નો ગુન્હો શોધી ઉકત સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

(આર.વી.અસારી)
પોલીસ અધિક્ષક
અમદાવાદ ગ્રામ્ય,અમદાવાદ